# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

કેન્દ્રના પ્રચાર-દંભનું રાજય પર ત્રાટક છે,
પિત્તળ પર પાણી ચઢાવેલું ખોટું હાટક છે,
ફાટક છે ઘાતક, તિજોરી ખાલી કરાવવાનું -
એમઓયુ પણ 'વૃક્ષારોપણ' જેવું નાટક છે.
(mou રોપાય છે ઉગતા નથી!)

## હાઈકુ

વેરી દેશોને -
નોબલ પુરસ્કાર!
મળ્યો સંયુક્ત..
(શાંતિ-સેવા-પુરસ્કાર)

થયું કઠોર!!
'કપાસ' જેવું હૈયું -
ભૂલાયા 'ભાવ'
(હવે ઓળખે છે કોણ?!)

## ચિંતન

**રાઃ પુણ્યં ચ કલત્રાણિ પુત્રોત્પત્તિ ર્નિધિસ્તથા । સુકૃતા દ્પિ લભ્યન્તે નૈવ પાર્થ પરાક્રમાત ॥**

અહીં ભગવાન શ્રી કૃષ્ણ અર્જૂનને કહે છે કે, હે અર્જૂન! ધન, પુણ્ય, પત્ની અને પુત્ર પ્રાપ્તિ તથા સમૃદ્ધિ આ બધું માત્ર પૂર્વજન્મનાં સંચિત કર્મો એટલે કે પૂણ્યફળ સ્વરૂપે જ પ્રાપ્ત થાય છે; એ પરાક્રમ કે બળ શક્તિ દ્વારા પામી-મેળવી શકાતાં નથી.

ધન-સમૃદ્ધિ જો હાથમાં, ઘરમાં, ગુપ્ત ભંડારમાં પડ્યાં હોય છતાં જો એ આપણી નશીબમાં ન હોય તો આપણે તે પામી નથી શકતા કે તેના ઉપભોગ નથી કરી શકતા.

પુણ્ય પણ નશીબમાં હોય તો જ થઇ શકે છે ગાય-કૂતરાં-ગરીબને આપવાની ઇચ્છા હોય તો પણ નવમે-દસમે માળે રહેતા તો શું કરો? પુણ્ય પ્રાપ્ત કરવા માટે પણ અનુકૂળ સંજોગ જોઇએ.

પત્ની પણ ભાગ્યમાં હોય તેવી જ મળે - પરાક્રમથી ઉપાડી આવો તો શરીર મળે-પ્રેમ ન મળે. સ્વભાવ પણ નશીબ પર આધારિત છે. એવી જ રીતે પરિવાર-પુત્ર અને સુખ-શાંતિ પણ ભાગ્યવસાત્ જ મળે છે એમાં બળ-શક્તિ-પરાક્રમ કામ આવતાં નથી.

## સુવિચાર

- મંઝીલોને શોધવા તું જાય એમાં શી કલામ...
  કંઇક એવું કર કે શોધે મંઝીલ તારું શરણ - **મુસાફીર પાલનપુરી**
- જો તમે સફળતા ચાહતા હોવ તો ધીરજ ને પોતાનો પરમમિત્ર, અનુભવને તમારો બુદ્ધિમાન સલાહકાર, સાવધાની ને પોતાનો મોટોભાઇ અને આશાને પોતાનો સંરક્ષક બનાવી લો - **એસ. ભટ્ટાચાર્ય**
- દુનિયા માને છે કે તમારી સફળતા માટે તમારા સિવાયના બાકીના બધા જ પરિબળો કારણભૂત છે, પણ નિષ્ફળતા આવે છે ત્યારે આ જ દુનિયા માને છે કે તેનું કારણ તમે અને માત્ર તમે જ છો - **જનકલ્યાણ**
- તમે ગમે તેટલા પુસ્તકો વાંચશો પણ જો તમારું જીવન પુસ્તક નહીં વાંચો તો એનો કોઇ જ અર્થ નથી - **ફાધર વાલેસ**
- જવાબદારી સ્વીકારવાની ક્ષમતા એ માનવીની પ્રતિભાનો માપદંડ છે- **વિન્સ્ટન ચર્ચીલ**
- બદમાશી કરીને સંપત્તિ મેળવવી સહેલી છે પણ સદગૃહસ્થની રીતે તેને ખર્ચવી એ મુશ્કેલ છે - **જે. આર.ડી. ટાટા**
- ક્રોધ એ એસીડ જેવો છે... એ જે પાત્રમાં રહેલો છે એ પાત્રને તો એ સૌથી વધુ નુકશાન કરે છે - **મુનિ ભાનુચંદ્રજી**

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

સમસ્યાઓ, આપત્તિઓ, મુશ્કેલી-તકલીફો સામે આપણે જેટલા પોચા પડશું એટલી એ આપણા પર હામી થતી જશે. થાકી-હારી જઇ રડવાથી-ચીસો પાડવાથી કંઇ દુઃખો ઓછાં થતાં નથી હસીને સ્વીકાર કરો એની સામે લડો...

મહાભારતમાં એક રૂપક કથા છે.

કૃષ્ણ-બલરામ-સાત્યકી (દ્વારકાનો યોદ્ધો) જંગલમાં રસ્તો ભૂલ્યા. રાત જંગલમાં જ કાઢવા નક્કી કર્યું - ત્રણે જણાએ ચાર-ચાર કલાકના ત્રણ ભાગ કરી એક જાગે બાકીના બે ઊંઘે એવું નક્કી થયું.

સાત્યકી પહેલો હતો. રાત્રીના શરૂઆતમાં જ એક બ્રહ્મ રાક્ષસ આવ્યો. એને વરદાન હતું. જેને એ મારે અને મારા ખાનાર વેદનાની બૂમો પાડે તેમ એનું કદ અને બળ વધે.

સાત્યકીની બૂમોથી બ્રહ્મ રાક્ષસનું બળ-કદ વધ્યું પછી બલરામ જાગ્યા. એણે પણ માર ખાધી વેદનાની બૂમો પાડી. બ્રહ્મ રાક્ષસ મોટો થયો.

હવે કૃષ્ણનો વારો આવ્યો. બલરામે એને ચેતવી દીધો, વેદનાની બૂમ પાડવાથી રાક્ષસનું બળ અને કદ વધે છે. કૃષ્ણએ ઊંધી યુક્તિ અપનાવી, મુક્કો પડે અને જોરશોરથી હસવા માંડે. રાક્ષસ નાનો થતો ગયો. તદ્દન ઠીંગુ થઇ ગયો. પછી ભાગવા લાગ્યો. કૃષ્ણએ તેને પકડી ડોક મરડી નાખી...

વિપત્તિઓને હસી નાખો-નાની થઇ જશે. પછી એની ડોક મરડી નાખો.

Email - sureshchandrabhatt18@gmail.com

# ગુજરાતી સાહિત્યમાં પ્રથમ ટૂંકી વાર્તા લખનાર કોણ હતા?

## ખજાનો

- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

### ગુજરાતી સાહિત્ય

(૧) ત્રિભુવનદાસ પુરૂષોત્તમદાસ લુહાર કયા નામે જાણીતા હતા?
(અ) સ્નેહરશ્મિ (બ) સુન્દરમ્
(ક) ધૂમકેતુ (ડ) ધ્વનિલ

(૨) નીચેનામાંથી કયું વિશ્વવિદ્યાલય ગાંધી વિચારધારા મુજબ કાર્ય કરે છે?
(અ) ગૂજરાત વિદ્યાપીઠ (બ) નાલંદા વિદ્યાપીઠ
(ક) શાંતિનિકેતન (ડ) શારદાગ્રામ

(૩) 'સત્યાર્થ પ્રકાશ' ગ્રંથના રચયિતા કોણ હતા?
(અ) વિવેકાનંદ (બ) ચિન્મયાનંદ
(ક) બિહારીલાલ (ડ) દયાનંદ સરસ્વતી

(૪) દલપતરામે છંદશાસ્ત્રમાં કયો ગ્રંથ રચ્યો છે?
(અ) છંદ વિન્યાસ (બ) સાહિત્યશાસ્ત્ર
(ક) ગુજરાતી છંદોલય (ડ) દલપત પિંગળ

(૫) 'ધોબીનો કૂતરો નહીં ઘરનો નહીં ઘાટનો' આ કહેવતના રચયિતા કોણ છે?
(અ) દયારામ (બ) ભોજાભગત
(ક) શામળ ભટ્ટ (ડ) અખો

(૬) 'કવિશ્વર' તરીકે ગુજરાતના કયા સાહિત્યકાર જાણીતા છે?
(અ) નર્મદ (બ) ક.મા. મુનશી
(ક) દલપતરામ (ડ) ચુનિલાલ મડિયા

(૭) કયા સાહિત્યકારે 'ઈંગ્લેન્ડની મુસાફરીનું વર્ણન' પ્રવાસ પુસ્તક લખ્યું હતું?
(અ) મહિપતરામ નીલકંઠ (બ) કાકા સાહેબ કાલેલકર
(ક) રા.વિ. પાઠક (ડ) ચંદ્રકાન્ત મહેતા

(૮) 'સંગીત કલાધર' નામનો ગ્રંથ કોણે રચ્યો છે?
(અ) કિશનસિંહ ચાવડા (બ) ડાહ્યાલાલ શિવરામ નાયક
(ક) યશોધરા મહેતા (ડ) પીતાંબર પટેલ

(૯) રેખતા નામના કાવ્યસંગ્રહનો સૌથી વિશેષ પ્રયોજન કરનાર કોણ?
(અ) નરસિંહ મહેતા (બ) શામળભટ્ટ
(ક) કવિ દયારામ (ડ) મીરાંબાઈ

(૧૦) ગુજરાતી ભાષાના જાગૃત ચોકીદારની ઉપમા કોને મળી છે?
(અ) ઝવેરચંદ મેઘાણી (બ) ઉમાશંકર જોષી
(ક) નર્મદ (ડ) પન્નાલાલ પટેલ

(૧૧) 'અખંડ ઝાલર વાગે' કાવ્ય સંગ્રહ કોનો છે?
(અ) સુરેશ દલાલ (બ) ઉમાશંકર જોષી
(ક) મધુરાય (ડ) રાજેન્દ્ર શુક્લ

(૧૨) 'વનાંચલ' કોની કૃતિ છે?
(અ) જયંત પાઠક (બ) રા.વિ.પાઠક
(ક) ઝવેરચંદ મેઘાણી (ડ) મકરંદ દવે

(૧૩) ગુજરાતી સાહિત્યનું સૌપ્રથમ નાટક ગણવામાં આવે છે?
(અ) લક્ષ્મી (બ) કાકાની શશી
(ક) મિથ્યાભિમાન (ડ) ભટ્ટનું ભોપાળું

(૧૪) ગુજરાતી સાહિત્યમાં પ્રથમ ટૂંકી વાર્તા લખનાર કોણ હતા?
(અ) રા.વિ. પાઠક (બ) સુન્દરમ્
(ક) મલયાનિલ (ડ) ઉમાશંકર જોષી

(૧૫) 'વસુધા' એ કોનો કાવ્યસંગ્રહ છે?
(અ) કલાપી (બ) વાડીલાલ ડગલી
(ક) ગોવર્ધનરામ ત્રિપાઠી (ડ) સુંદરમ્

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૧૨ ડિસેમ્બર ૧૯૩૯ માઈકલ ગેન્જીંગ - અમેરીકન ન્યૂરોસાયન્ટીસ્ટ. માનવ મગજ કઇ રીતે કાર્ય કરે છે તેના પર સંસોધન કર્યું
- ૧૨ ડિસેમ્બર ૧૯૨૭ રોબર્ટ નોયસી - તેઓ અમેરીકન એન્જીનીયર હતા. ઈ.સ.૧૯૫૯માં ઈન્ટીગ્રેટેડ સર્કીટ (આઈસી)ના શોધક
- ૧૩ ડિસેમ્બર ૧૯૨૩ ફિલીપ એન્ડરસન - અમેરીકન ભૌતિકશાસ્ત્રી, ૧૯૭૭માં સેમીકન્ડકટરની શોધ બદલ નોબલ પ્રાઇઝ મળ્યું હતું
- ૧૩ ડિસેમ્બર ૧૯૧૦ ચાર્લ્સ એલ્ફર્ડ કુલ્સન - બ્રિટીશ રસાયણશાસ્ત્રી, મોલેક્યુલર ઓરબીટ થીયરી આપનાર વૈજ્ઞાનિક
- ૧૪ ડિસેમ્બર ૧૯૧૪ સોલોમન સ્થાયગલમેન - અમેરીકન બાયોકેમિસ્ટ બાયોલોજીસ્ટ અને જનીનશાસ્ત્રી. ડી.એન.એ અને આર.એન.એ. પર સંશોધન કરનાર
- ૧૪ ડિસેમ્બર ૧૯૨૨ નિકોલય ગેનાડીયેવીચ બાસોવ - સોવિયેટના ભૌતિક વિજ્ઞાની. ૧૯૫૫માં લેસર પર વિશેષ સંશોધન કરનાર
- ૧૫ ડિસેમ્બર ૧૯૨૩ ફ્રિમન ડાયસન - તેઓ ઈંગ્લીશ - અમેરીકન ભૌતિકશાસ્ત્રી હતા. રેડીયન્ટલ એનર્જી પર સંશોધન કરનાર
- ૧૫ ડિસેમ્બર ૧૯૧૬ મૌરિક વિકીન્સ - તેઓ ન્યૂઝીલેન્ડમાં જન્મેલા, બ્રિટીશ-બાયોફીઝીસ્ટ હતા. તેમણે એક્સ-રે ડિફ્રેશન પર સંશોધન કર્યું હતું
- ૧૬ ડિસેમ્બર ૧૯૨૯ બ્રશ નાથન એમ્સ - અમેરીકન બાયોકેમીસ્ટ, કેન્સર માટેનો ટેસ્ટ 'એમ્સ ટેસ્ટ' આપનાર વૈજ્ઞાનિક
- ૧૬ ડિસેમ્બર ૧૯૦૧ માર્ગારિટ મિડ - અમેરીકન એન્થ્રોપોલોજીસ્ટ, ચાઈલ્ડ સાયકોલોજી પર સંશોધન કરનાર
- ૧૭ ડિસેમ્બર ૧૯૦૮ વિલાર્ડ ફ્રેન્ક લીબી - અમેરીકન કેમીસ્ટ, કાર્બન-૧૪ (રેડિયો કાર્બન) ટેકનીકના શોધક
- ૧૭ ડિસેમ્બર ૧૮૯૪ હેન્ડરીક એન્થોની ક્રેમર્સ - ડચ ફીઝીસ્ટ, સી.વી. રામને શોધેલ - રામન કિરણો પર વધુ સંશોધન કરનાર
- ૧૮ ડિસેમ્બર ૧૯૩૯ હેરાલ્ડ વાર્મસ - અમેરીકન વાયરોલોજીસ્ટ, ૧૯૮૯માં કેન્સર સંબંધીત સંશોધન માટે નોબેલ પ્રાઇઝ મળ્યું.
- ૧૮ ડિસેમ્બર ૧૯૧૨ ડિનીયલ માજીયા - અમેરીકન સેલ બાયોલોજીસ્ટ, તેઓએ ન્યૂકલીયઅર અને સેલ્યુલર ફીઝીઓલોજી પર વિશેષ સંશોધન કરનાર

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - કેન્દ્ર સરકારમાં રાજયકક્ષાના મંત્રી સાધ્વી નિરંજન જયોતિ કયું મંત્રાલય સંભાળે છે?**
**જવાબ - ફૂડ પ્રોસેસીંગ ઇન્ડસ્ટ્રીઝ વિભાગ**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) મહેશ એન. જાદવ : સે-૩૦
(૩) ઋજિત એન. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૪) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી
(૫) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ (૬) આકાશ જી. પટેલ : સે-૨૩

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**જેમના નામે નોબેલ પ્રાઇઝ અપાય છે તે વૈજ્ઞાનિક આલ્ફ્રેડ નોબલે કઇ મહત્ત્વની શોધ કરી હતી?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) બ (૨) અ (૩) ડ (૪) ડ (૫) ક (૬) ક (૭) અ (૮) બ (૯) ક (૧૦) બ (૧૧) અ (૧૨) અ (૧૩) અ (૧૪) ક (૧૫) ડ

# જીવનને નીતિપૂર્ણ પ્રમાણિકપણે જીવવામાં જીવનની સફળતા છે

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

સદાચાર શ્રવણયાશુ યેન લોકાન જયેદ બુધાઃ
ધર્માધર્મ મયાન-બૂહિ, સ્વર્ગ-નટક સ્તથા ॥
( શિવ મહાપુરાણ અ-૧૩-૧)

જ્ઞાની માણસો જેના કારણે લોકોને પ્રભાવિત કરે છે તે સદાચાર સમજાવો, ધર્મ તથા અધર્મ, અને સ્વર્ગ તથા નરક વિષયક ખ્યાલ આપો.

આપણે ત્યાં શ્રુતિ-સ્મૃતિમાં જે પ્રકારના આચાર-વિચારનું નિરૂપણ છે તે સદાચાર મનાય છે. એ સમયની માન્યતા પ્રમાણે જપ-સ્વાધ્યાય-અતિથી-સત્કાર-પંચયજ્ઞ તથા વર્ણાશ્રમ-ધર્મનું પાલન-સદાચારના લક્ષણ ગણાતા. કાળક્રમે તેમાં પરિવર્તન આવ્યું છે. વર્ણ તથા આશ્રમની વ્યવસ્થામાં બદલાવ આવ્યો છે. સદાચાર એટલે જીવનમાં પરિવર્તન લાવવાની પ્રક્રિયા. આજે સમગ્ર વિશ્વમાં વર્ષો પુરાણી - પ્રચલિત વ્યવસ્થા સામે લોકોમાં રોષ પ્રગટ્યો છે. લોકો પરિવર્તન ઝંખે છે. જીવનના તમામ ક્ષેત્રે પરિવર્તન લાવવાની વ્યાપક માંગ થવા લાગી છે. આ પરિવર્તન માત્ર રાજકીય - ક્ષેત્ર પૂરતું સિમિત નથી. પરંતુ સમગ્ર સમાજના, તમામ ક્ષેત્રોને આવરી લેતું ક્રાન્તિકારી પરિવર્તન હોય તેવું લોકો ઇચ્છે છે. અર્વાચીન વિશ્વ-વ્યવસ્થામાં પરિવર્તન લાવવા સૌ કોઇ ઇચ્છે છે. પણ તેના માટે સાચી પ્રક્રિયા કઇ? કયા માર્ગે પરિવર્તન કરવામાં ઓછામાં ઓછી હાનિ થાય તેવા પ્રશ્નો પરત્વે મતભેદો છે. મોટાભાગના લોકોના મનમાં એવો ભ્રમ છે. આ માટેના ઉદાહરણો પણ વિવિધ સ્થળોથી મળતા રહે છે. અમેરિકા જેવા સમૃદ્ધ રાષ્ટ્રોમાં પણ શ્વેત-અશ્વેત વચ્ચે હુલ્લડો થાય, મધ્ય-એશિયામાં ખીલાફતની સ્થાપના અને તેની હિંસક કાર્યવાહીઓ થવા લાગે, રશિયામાં મુડીવાદી વર્ચસ્વ વધતું જાય, યુરોપીયન રાષ્ટ્રો પર ત્રાસવાદીઓના હુમલાઓનું પ્રમાણ વધે. ભારતમાં નકસલવાદી તથા 'પીપલ્સ વોર - ગ્રુપ' જેવા સંગઠનોનો વ્યાપ વધે - આ તમામ પ્રયોગોને જો એક સાથે સાંકળવામાં આવે તો જણાશે કે રૂઢિગત વ્યવસ્થા સામે લોકોના મનમાં વ્યાપક રોષ પ્રગટ્યો છે.

માનવી પ્રચલિત પદ્ધતિઓથી ત્રાસી ગયો છે. મુડીવાદીથી માંડી સામ્યવાદી વિચારસરણી તેને સંતોષ નથી આપી શકતી. લોકશાહી તેને ઢીલી તથા ફીક્કી લાગે છે. તેથી સામાજિક ફેરફાર માટે પણ મનગમતો હિંસાનો માર્ગ અપનાવ્યો છે. આ હિંસાચાર વ્યાપક અસંતોષનો વ્યાપક રોષનું નિર્દેશન છે. લોકોની અપેક્ષાઓ વધતી જાય છે. અત્યારની કોઇ પણ પદ્ધતિ વધતી - જતી અપેક્ષા સામે સમતોલિત થાય તેવી નથી. લોકોને નવું નિર્માણ કરવું છે. પરિવર્તનો વ્યાપક રીતે અને સ્પષ્ટ સ્વરૂપે થાય તે માટે સૌ અધિરા બન્યા છે. આ માટે તદ્દન ટૂંકો જણાતો પણ જે કાયમી નિષ્ફળ રહ્યો છે તેવો હિંસાનો માર્ગ જ પસંદ થાય છે. રાજયસત્તા અને આર્થિક સત્તા જો કબજે કરશું તો સમાજમાં મનમાન્યા પરિવર્તનો લાવી શકીશું તેવી પ્રચલિત માન્યતા છે. પરિવર્તન ઇચ્છતા તમામ વર્ગોને મૂળભૂત ખ્યાલ તો આ જીવન શાંતિથી - સંતોષપૂર્વક લોકો માણી શકે. ડર કે ભય વિના જીવી શકે તેવી વ્યવસ્થા પુરી પાડવાનો છે. લોકો રાજકીય - સામાજિક - ધાર્મિક અને આર્થિક રીતે સ્વતંત્ર નિર્ણય લઇ શકે તેવી નવ-રચના માટેના જ આ પ્રયત્નો છે. માનવ મનમાં હિંસાનો ભાવ અતિ દૃઢ પણે અંકાલેય છે.

માનવીને સુસંસ્કૃત થવાને માંડ ૨૫૦૦૦ વર્ષ થયા. તે પહેલાના પાંચ લાખ વર્ષ સુધી જંગલી અવસ્થામાં હતો. તેના રૂઢ થયેલા સંસ્કાર સમય થતાં જાગી ઊઠે છે. આપણે તાત્કાલિક હિંસા છોડી અહિંસા અપનાવી શકતાં નથી. ખુદ ભગવાનને પણ આ માટે આઠ-આઠ અવતારો લેવા પડ્યા. છેક બુદ્ધ-અવતાર વખતે હિંસાની નિરર્થકતા સમજાણી. પરશુરામ - ભગવાન રામ અને શ્રીકૃષ્ણ - અવતારોમાં રાક્ષસોના વિનાશની જ વાત કરી. અને પોતાના જીવન દરમિયાન જ તેના પ્રયત્નોની નિષ્ફળતા નજરે જોઇ. બુદ્ધની કરુણા, મહાવીરની અહિંસા અને ઇશુની સેવા-ભાવનાએ પરિવર્તનનું ચક્ર ફેરવ્યું. ઇસલામના આગમને પાછું હિંસા સાથે પલટાવ્યું. હિંસાના પાયા પર થતા પરિવર્તનો લાંબા સમય ટકતા નથી. તેવો વારંવારનો અનુભવ હોવા છતાં, હજી પણ આપણે સમાજ-પરિવર્તન માટે નવા માર્ગ વિચારી નથી શકતા.

આજનો આપણો મહાન પ્રશ્ન છે. સમાજમાં સૌને શાંતિ તથા સંતોષ મળે, સમાજ કેમ સુધરે... ડર કે ભયના ઓથાર નીચે જીવવાને બદલે લોકો જીવનને કેમ માણે... આવા પરિવર્તન માટે તો ભારતીય ઋષિઓ પાસે જવું રહ્યું. આપણા ઋષિઓએ કહ્યું છે. જો માનવીનું ભાવાત્મક સ્તર-સુધરે તો બાહ્ય પરિસ્થિતિ આપોઆપ સુધરે, સમગ્ર સમાજને સુધારવા માટે વ્યક્તિ સુધારણાનો માર્ગ અપનાવવો પડે. સમાજ આખરે તો વ્યક્તિઓનો બન્યો છે. ગાયત્રી - પરિવારનું સૂત્ર છે. 'હમ બદલેંગે - સમાજ બદલેગા' આ માટે જ્ઞાનયજ્ઞનું આયોજન કરવું પડે. આવા જ્ઞાનયજ્ઞનો ઉદ્દેશ્ય પ્રજાની વિચારધારા તથા દૃષ્ટિકોણમાં પરિવર્તન લાવવાનો હોવો જોઇએ. આજે દુરાચાર પર જે આસ્થા છે તેને હટાવી સદાચાર, પર આસ્થા સ્થાપિત કરવી જોઇએ. આસ્થાનું કેન્દ્ર જો બદલાય તો દૃષ્ટિ - પરિવર્તન થતાં જીવન - પદ્ધતિ બદલાય આંતરિક પરિવર્તન દ્વારા જ સાચો વિકાસ સધાય છે. મનોભાવો બદલાય તો માનવી આપોઆપ ઉત્કૃષ્ટ સ્થાન તથા સ્થિતિ પ્રાપ્ત કરે છે.

આપણું જીવન તો આપણા વિચારો, ભાવનાઓ, તથા આસ્થાનું બાહ્ય ચિત્ર કે પ્રતિબિંબ માત્ર છે. સમગ્ર વિશ્વમાંથી જો હિંસક તથા અસદ્ - ભાવનાઓનો કાયમી નિકાલ કરવો હોય તો વ્યક્તિગત માનવીને ઊચ્ચ સ્તરે લઇ જવા માટે સતત અને સખત પરિશ્રમ જ કરવો જોઇએ. કોઇ પણ પ્રકારની રાજકીય સત્તાઓ અથવા તો કાયદા-કાનૂનથી આવું કામ કયારેય ન થાય. વ્યક્તિ એ તો સમાજનું પ્રથમ પગથિયું છે. તેની સુધારણાથી જ સમાજ સુધરે છે. સારા વિચારો તથા સદ્ભાવનાઓથી છવાયેલો માણસ સમાજને નીતિના માર્ગ પર લઇ જઇ શકે. આ માર્ગ અતિ સમય લે તેવો છે. પણ જો વિશ્વ સ્તરે સ્વૈચ્છિક સંસ્થાઓ માનવીય - સુધારણાનું કાર્ય હાથ ધરે તો અવશ્ય બદલાવ આવે. આ તો સતત ચાલતા યજ્ઞો છે. આપણાં પુરાણોમાં સતત સો વર્ષ ચાલતા યજ્ઞોની કથાઓ છે. એ માત્ર સ્થૂળ હવન ન હતા પરંતુ સામાજિક પરિવર્તનો માટેના જ્ઞાનયુક્ત પ્રયત્નો હતા. આજે સદાચારનું ક્ષેત્ર આપણી વિચારધારા સાથે જોડાઇ ગયું છે. પરંપરાગત ચિંતનમાં વિકૃતિ આવી ગઇ છે. આજનો યુવાન વૈજ્ઞાનિક ધર્મ ઇચ્છે છે. સૌની મહત્વાકાંક્ષા ઉચ્ચ પ્રકારનું જીવન વિતાવવાની છે આપણે આનંદમય જીવન પસાર કરવા બાહ્ય ફેરફારો અવારનવાર કરતા રહીએ છીએ. પરંતુ મનનું સ્તર જયાં વિના કરતા ફેરફારો જીવન માટે સાનુકૂળ બનતા નથી. મન પ્રથમ પરિવર્તન સ્વીકારે તો બાહ્ય દૃષ્ટિકોણ તુરત બદલાય. વ્યક્તિ બદલાશે તો સમાજ અવશ્ય બદલાશે.

ધર્મ, અધર્મ, સ્વર્ગ તથા નરક વિષયક વિચારોમાં પણ પરિવર્તન આવેલ છે. આ સૌ આપણે જ ઊભા કરેલ પડછાયા માત્ર છે. સામાન્યતઃ મન નબળા વિચાર તરફ વધારે આકર્ષાય છે. નબળા વિચાર કુતરા જેવા છે. ન બોલાવો તો પણ તે તમારા આંગણામાં આવી ઊભા રહે. અને જો એકાદવાર કંઇ પણ આપ્યું તો ત્યાં જ અડિંગો જમાવી દે પછી એને મનમાંથી કાઢવો આકરો પડે. સદ્-વિચારોને ગાય જેમ બોલાવવા પડે. મનમાં ઊંડાણમાંથી સપાટી પર તેને લાવવા પડે. આ અર્થમાં ધર્મ તથા અધર્મનો વિચાર થાય. ખુદ વ્યાસ - ભગવાને કહ્યું છે. અન્યને પીડા કરવી તે અધર્મ છે. ધર્મ તો ઉચ્ચ જીવન ઘડતરનો માર્ગ છે. ભગવાન રજનીશ (ઓશો) ના મત પ્રમાણે ધર્મ એક જીવંત વિજ્ઞાન છે. એ પૂર્ણ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. તેનો આધાર માત્ર વિશ્વાસ નહિ વિવેકાધિન વિચાર છે. સ્વર્ગ કે નરક એ તો માત્ર પ્રલોભનની લાલચ તથા સજાનો ભય દર્શાવતા નામ માત્ર છે. કર્મનો કાયદો એ પણ સારું જીવન વ્યતિત કરાય તે માટે નિર્ધારિત કરાયેલ વ્યવસ્થા છે. આ જીવનમાં સુખ તથા દુઃખ માટે આપણે જે પ્રકારની ભાવનાઓ સેવીએ છીએ તે જ પ્રકારના સુખ તથા કષ્ટની કલ્પના સ્વર્ગ તથા નરક માટે કરવામાં આવે છે. એ કોઇ ચોક્કસ સ્થળે આવેલી જગ્યા નથી પરંતુ આપણા જીવન દરમિયાન અનુભવવામાં આવતા આનંદ તથા શોક સમયના ટુકડા માત્ર છે. ડર તથા લોભ છોડી આ જીવનને નીતિપૂર્ણ પ્રમાણિકપણે જીવવામાં જીવનની સફળતા છે. પડછાયા પકડવા એ મૂર્ખતા જ ગણાય.

# તિતિક્ષા : સૌ કરી શકે એવું તપ

## અક્ષયપાત્ર

- બકુલ દવે

અશાસ્ત્રવિહિતં ઘોરં તપ્યન્તે તપો જનાઃ ।
દમ્ભાહંકાર સંયુક્તાઃ કામરાગ બલાન્વિતાઃ ।।૫।।
કર્ષયન્તઃ શરીરસ્થં ભૂતગ્રામમચેતસઃ ।
માં ચૈવાન્તઃ શરીરસ્થં તાન્વિ દ્વયાસુરનિશ્ચયાન્ ।।૬।।
- ભગવદ્ગીતા અધ્યાય-૧૭

(દંભ અને અહંકારવાળા મનુષ્યો કામનાઓ અને આસક્તિના બળથી યુક્ત થઇ કેવળ અજ્ઞાનતાથી શાસ્ત્રમાં ન કહ્યું હોય એવું ઘોર તપ કરે છે અને શરીરમાં નિહિત પંચ મહાભૂતોને દુર્બળ કરી અંતર્યામી એવા મને કષ્ટ આપે છે. માટે તું તેમને આસુરી નિશ્ચયવાળા જાણ.)

તિતિક્ષા એટલે આગળપાછળની ચિંતા વગર જીવનમાં આવી મળતાં દુઃખ અને પીડાને સહજ ભાવે સહન કરવાં તે. તિતિક્ષુ છે, તે મનુષ્યોને જ નહીં પણ ઇશ્વરને પણ પ્રિય હોય છે. બ્રહ્માંડમાં વ્યાપક અખંડ ચેતનાનો પ્રાદુર્ભાવ અલગ-અલગ રીતે થયો હોય છે. એટલે, અન્યની ચેતનાનો અંશ પોતાની ભીતર રહેલી ચેતનાથી અલગ નથી એ વાતનું સ્મરણ રાખી પીડા તરફ નિઃસ્પૃહ બની રહેવાનું વલણ સ્વભાવ બને છે ત્યારે તિતિક્ષા તપની ઊંચાઇ સુધી પહોંચતી હોય છે.

જીવનમાં કર્માનુસાર અનાયાસે જ જે પીડા આવી મળે છે તેને સહન કરતાં શાંતિથી જીવવું તે તપ છે. સ્વયં ઊભાં કરેલા દુઃખ દ્વારા આધ્યાત્મિક અને ધર્મપરસ્ત હોવાનો દેખાડો કરવો તે સહનશીલતાનો તપ સાથે કોઇ જ નિસબત હોતી નથી. કેટલાંક તપ કરવાના નામે સળગતા અંગારા પર ચાલે છે, ખીલાની પથારી ઉપર સૂઇ જાય છે. શરીર પર જવારા વાવે છે, કોઇ કલાક સુધી શીર્ષાસન કરે છે, ઘણા સાષ્ટાંગ દંડવત કરતાં-કરતાં ઘરની છેક દેવસ્થાન સુધી જાય છે અને કેટલાય સમય્યા વગર ભૂખ્યા રહે છે. આધ્યાત્મિક ઉન્નતિ માટે આવું કંઇ જ કરવાનું શાસ્ત્રોમાં ક્યાંય લખ્યું નથી.

પોતાની જાતને પીડા આપવી એ પણ હિંસા છે. આત્મહત્યા કરવી તે પાપ છે તેમ. નાનકડી હિંસાથી પણ વિશ્વવ્યાપી ચેતનામાં ખલેલ પડતી હોય છે. આ અપરિમેય ચેતના, જે ઘટઘટમાં ધબકે છે, કીડીના પગે ઝાંઝર બાંધ્યાં હોય તેનો અવાજ પણ એના સુધી પહોંચે છે. એ કોઇ ખૂણામાં કોઇ જીવને થતી પીડાથી અલિપ્ત કેમ રહી શકે? ને એ ચેતના જ ઇશ્વર છે એમ કહીએ તો એ કોઇ પણ જીવની પીડાથી વિક્ષિપ્ત થતો હોય છે. અંતર્યામી શ્રીકૃષ્ણ ઘોર તપ દ્વારા થતી આવી આત્મપીડનની ક્રિયાઓથી નારાજ છે. આ પ્રકારની પ્રવૃત્તિ કરનારાઓને તે આસુરી નિશ્ચયવાળા જણાવે છે. હિંસા કરે તે અસુર છે. એ દેવત્વથી દૂર છે.

પીડા પ્રકૃતિગત હોય ત્યારે તે વરદાન છે, કડવાશથી પરિવેષ્ટિત માધુર્યની જેમ પીડા જરૂરી છે. માણસ નામના ઘટને સર્જનહાર ચાકડે ચડાવી આકાર આપે છે અને નીંભાડામાં તપાવે છે. તપીને ઘટ પરિપક્વ બને છે. બીડા સહિષ્ણુ બનવાનું - તિતિક્ષા કેળવવાનું શીખવે છે.

પીડા છે તો જીવન છે અને જીવન છે તો પીડા છે. બંને એકબીજા વગર સંભવી ન શકે. પીડા છે તો સિસૃક્ષા (સર્જનાત્મકતા) છે. પીડા છે તો ન લખાયેલી કવિતાની પંક્તિઓનું દર્દ અને ન ગવાયેલા ગીતના સૂર છે. પીડા છે તો વહાલ છે, વાત્સલ્ય છે અને તેના થકી અશ્રુજળ ગંગાજળ જેટલી અને જેવી પવિત્રતા ધારણ કરી શકે છે.

પીડાની સરાણે ચડી તિતિક્ષાને ધાર નીકળતી રહે છે ને જીવન તપઃપૂત બનતું જાય છે. લાગણીઓને ભગવો રંગ ચડયો જાય છે. પીડામાંથી પસાર થતાં સ્વયંને ભૂલતા જઇ તનને તંબૂર - 'તૂંહી તૂંહી' બોલતો જાય છે. જીવનની ભાંગતી રાત સુધી તંબૂર બોલ્યા કરે છે ને પરોઢનો અંજવાસ ઘેરી વળે છે. પીડા પરમાત્મા સાથે તાર જોડી આપે છે ત્યારે તે પ્રાર્થના બની જાય છે. ૐ તત્ સત્.